* M B K - 1 6 0 1 0 1 0 2 0 1 0 2 0 4 0 2 - 6 5 0 - 4 *

# MBK-1601010201020402 Seat No. ________

## B. A. (Sem. II) (CBCS) Examination

**March / April - 2018**

## Gujarati

***(ગુજરાતી વ્યાકરણ, સર્જન-લેખન કૌશલ-૨)***

***(Elective - I) (New Course)***

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના** : (૧) કુલ પાંચ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.
(૨) દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

૧ નીચેના 'બે' પૈકી કોઈ પણ **એક** ગદ્યખંડનું વિવરણ કરો : **૧૪**

**(૧)**

વ્યાવહારિક, આર્થિક કે સામાજિક.... કોઈ પણ પ્રકારની સમજ વિનાનાં બાળકો મોટા ઍન્જિનિયરો, ડૉક્ટરો કે સી. એ. બનીને માત્ર ચોપડીના શબ્દોમાં જ ગૂંચવાઈને રહી જાય છે. આવા ચીબાવલાઓને રસ્તો બતાવવા 'ધોરણ ૧૦ પછી શું ?' 'ધોરણ ૧૨ સાયન્સ પછી શું ?', 'વિદેશમાં અભ્યાસ માટે કેમ જવું જોઈએ ?' જેવી પત્રિકાઓ અને પુસ્તકો બહાર પાડવાં પડે છે. અગલ અગલ સ્કિલના કોર્સના ખોબલે-ખોબલે લ્હાણીઓ કરાવવી પડે છે. માં-બાપ પણ પોતાના દીકરાઓના બાયોડેટા લઈને સમાજ પાસે ભીખ માંગવા દોડી પડે છે. જે લોકોનો દૂર-દૂર સુધી આપણી સાથે કોઈ સંબંધ નથી એ લોકો આપણું અવિષ્ય પૈસાના દર પર બનાવી દેવા દોડે છે. પોતાને સ્લિક ડેવલપમેન્ટનું સ્ટીરોઈડ ટાઈપનું ૩/૬ કે ૧૨ મહિના માટે અલગ અલગ કોર્સનું ઇન્જેક્શન અપાવવા માટે લોકો રીતસરના દોડી રહ્યા છે. જેમનામાં, સ્કિલ શું કહેવાય ? તેનો અર્થ શું ? જેવા સામાન્ય પ્રશ્નોની સમજ નથી એ આપણી ગેરસમજને દૂર કરવા નીકળી પડ્યા છે. દરેક સોસાયટી આ લોકોએ કવર કરી છે, દરેક મહોલ્લો પોતાની માર્કેટિંગથી સર કર્યો છે, દરેક દીવાલોને પોતાના ઇન્સ્ટીટ્યુટની જાહેરખબરોથી ભરી મૂકી છે, સોશિયલ મીડિયાને પોતાની ચોખલિયાવેડી વાતોથી સ્કિલના રંગે રંગી દીધું છે. મોટીવેશનના મોટા-મોટા અધિવેશનો ભરીને યંગ બ્રિગેડને પોતાની તરફ આકર્ષવાનો પ્રયત્ન થતો રહે છે.

**- કંદર્પ પટેલ**

**અથવા**

(૨)

આપણને જે જરૂર છે તે બળની છે. તમે તમારી જાતમાં આત્મશ્રદ્ધા પ્રગટાવો. આપણે આત્મશ્રદ્ધા ખોઈ બેઠા છીએ અને તેથી જ ગુપ્તવિદ્યા, રહસ્યવિદ્યા અને એવી છાનીછાની બાબતો આપણામાં ઘૂસતી આવે છે. તેમાં કદાચ સત્ય હશે, પણ એ બધી વિદ્યાઓએ આપણને લગભગ નિર્માલ્ય બનાવી દીધા છે. તમારા જ્ઞાનતંતુઓ મજબૂત બનાવો. આજે આપણને જરૂર છે લોખંડી સ્નાયુઓની અને પોલાદી જ્ઞાનતંતુઓની. ઘણા કાળ સુધી આપણે રોતલ રહ્યા છીએ. હવે રોવાનું છોડી દઈને તમારા પોતાના પગ પર ખડા થાઓ અને મર્દ બનો. મર્દ બનાવનારા ધર્મની આપણને જરૂર છે, મર્દ બનાવનારા સિદ્ધાંતોની આપણને જરૂર છે. અને સાચનું પારખું આ છે : જે કાંઈ તમને શારીરિક રીતે, બૌદ્ધિક રીતે અને આધ્યાત્મિક રીતે દુર્બળ બનાવે તેને ઝેર ગણીને છોડી દો. એવી વસ્તુમાં જરાય પ્રાણ નથી, એ સાચું હોઈ શકે જ નહિ. સત્ય એટલે શક્તિ, સત્ય એટલે પવિત્રતા, સત્ય એટલે સર્વજ્ઞતા. સત્ય તો માણસને બળદાયક નીવડવું જોઈએ, પ્રકાશ આપનાર હોવું જોઈએ, જોમદાયક હોવું જોઈએ.

**- સ્વામી વિવેકાનંદ**

૨ નીચેના 'બે' પૈકી કોઈ પણ **એક** ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો : **૧૪**

(૧)

કવિનું કાર્ય રસિક કૃતિઓ ઉત્પન્ન કરવાનું છે. અમૂર્ત વિચારો અને અનુમાનોના સિદ્ધાંતો કહેવાનું નથી. કવિ જે વિચારો અને અનુમાનો ઇષ્ટ હોય તો તે અમૂર્ત સૂત્રરૂપમાં ગોઠવવાને બદલે મૂર્તિઓ અને કૃતિઓના અંગ અને ગુણરૂપે તે પોતાની રચનામાં દાખલ કરે છે. કવિ સિદ્ધાંતો કહી બતાવતો નથી પણ પાત્રો અને વૃત્તાન્તોનાં એવાં આનંદમય ચિત્રો આપે છે કે ચિત્રો ગ્રહણ કરનાર તે ચિત્રોમાં રહેલા સિદ્ધાંતો અનાયાસે અને વગર જાણ્યે ગ્રહણ કરી લે છે. કવિ જો સિદ્ધાંતનું કથન કરવા બેસે તો આનંદમય રચનાનો ત્યાગ કરી તેને બીજા જ પ્રદેશમાં જવું પડે.

**- રમણભાઈ નીલકંઠ**

**અથવા**

(૨)

આજે ટી.વી. જોવાથી થતી કૌટુંબિક અસરોના ઘેરા પ્રત્યાઘાતો પડે છે. ઘરનું વાતાવરણ બગડતું જોવા મળે છે, પતિ-પત્નીના સંબંધો તનાવયુક્ત બને છે. ટી.વી.ની મોટાભાગની સિરીયલોમાં પતિ-પત્ની ઔર વો નો કૉન્સેપ્ટ હોય છે. ક્યાંકને ક્યાંક એ વાત પતિ-પત્નીના સંબંધો પર અસર કરે છે. સાસુ-વહુના સંબંધો હોય એના કરતાં વધુ તંગ બને છે. ટી.વી.માં હોય તે બધું શીખવાનું નથી પરંતુ સતત ટી.વી. જોવાથી તેના કાર્યક્રમોની આપણા ચિત્ત ઉપર અસર પડે જ છે અને અજ્ઞાત મનમાં સંગ્રહિત થાય છે. સમય આવ્યે ટી.વી.ના જ સંવાદોનો ઉપયોગ કરી ઘરમાં કંકાસ-ઝઘડો શરૂ થાય છે, ઘરનું-કુટુંબનું વાતાવરણ બગડે છે. પતિ-પત્ની કે સાસુ-વહુના ઝઘડાની અસર બાળકો પર ખૂબ મોટી અને ઊંડી થતી હોય છે. ટી.વી.માં કૌટુંબિક મૂલ્યોની જાળવણી થતી હોય કે મૂલ્યોનું જતન અને સંવર્ધન થતું હોય (અપવાદને બાદ કરતાં) તેવી સિરીયલોનો મોટો અભાવ જોવા મળે છે.

**- ડૉ. સંતોષ દેવકર**

૩ 'ઉપપદ' અને 'બહુવ્રીહિ' સમાસની વ્યાખ્યા આપી, તેના પ્રકારોની ઉદાહરણસહ સમજૂતી આપો. ૧૪

**અથવા**

૩ 'કર્મધારય' અને 'તત્પુરુષ' સમાસની વ્યાખ્યા આપી તેના પ્રકારોની ઉદાહરણસહ સમજૂતી આપો. ૧૪

૪ નીચેના ગદ્યખંડમાં યોગ્ય વિરામચિહ્નોનો ઉપયોગ કરી પુનઃ ગદ્યખંડનું લેખન કરો : ૧૪

આપણો આ ભારત દેશ પરમ પવિત્ર દેશ છે એમ આપણા પૂર્વજો કહ્યા કરતા દુર્લભં મહારાષ્ટ્રે જન્મ દુર્લભં ગુર્જરેષુ જન્મ એવાં વચન તમને અહીં ક્યાંય નહિ મળે તુલસીદાસજી પણ કહેશે ભલિ ભારત ભૂમિ ભલે કુલ જન્મ પાંચસો વરસ પહેલાં ગુજરાતના કવિ નરસિંહ મહેતાએ ગાયું ભરત ખંડ ભૂતળમાં જન્મી જેણે ગોવિંદના ગુણ ગાયા રે તે ધન્ય છે આ જ વાત અસમના શંકરદેવ અને માધવદેવે પણ કહી ન નરસિંહ મહેતાએ ગુજરાતનો મહિમા ગાયો ન શંકરદેવે અસમનો મહિમા ગાયો એકબીજાની ભાષા તો તેઓ જાણતા નહોતા એકબીજાનેય નહોતા જાણતા છતાં ભારત અમારી પુણ્યભૂમિ છે અને અમે તેમાં જનમ પામ્યા તેથી ધન્ય થઈ ગયા એવું એ બંનેએ અનુભવ્યું અને વ્યક્ત કર્યું.

**અથવા**

૪ ગુરુવિરામ, લોપકચિહ્ન, વિગ્રહરેખાનો પ્રયોગ વાક્યમાં ક્યારે કરવામાં આવે છે ? તે જણાવી, ત્રણેય ચિહ્નો માટે પ્રયોજાતી નિશાનીની ઓળખ ઉદાહરણ સાથે આપો. ૧૪

૫ નીચેના 'ચાર' પૈકી કોઈ પણ **બે** પ્રશ્નોના માગ્યા પ્રમાણે ઉત્તર આપો : ૧૪

(૧) નીચેના રૂઢિપ્રયોગોના અર્થો આપી વાક્યમાં પ્રયોગ કરો :

(૧) દમ મારવો
(૨) લોઢાના ચણા ચાવવા
(૩) આઘુંપાછું કરવું
(૪) કોણીએ ગોળ લગાડવો
(૫) ડાટ વાળવો
(૬) ભાવ પુછવો
(૭) ઊંડાપાણીમાં ઊતરવું

(૨) નીચેની કહેવતોનો અર્થ આપો :

(૧) કીડી સંચરે ને તેતર ખાય

(૨) કૂવામાં હોય તો હવાડામાં આવે

(૩) ઘર ફૂટ્યે ઘર જાય

(૪) ઘરકી મુરઘી દાળ બરાબર

(૫) ચોર કોટવાળને દંડે

(૬) છીંડે ચડયો તે ચોર

(૭) ઝાઝી કીડીઓ સાપને તાણે.

(૩) નીચેના રૂઢિપ્રયોગોના અર્થો આપી વાક્યમાં પ્રયોગ કરો :

(૧) ઘોળીને પી જવું

(૨) દાઢીમાં હાથ ઘાલવો

(૩) વાળ વાંકો થવો

(૪) કક્કો ખરો કરવો

(૫) છક્કા છૂટી જવા

(૬) ધકેલ પંચે દોઢસો

(૭) સંઘ કાશીએ પહોંચવો.

(૪) નીચેની કહેવતોનો અર્થ આપો :

(૧) દૂધનો દાઝયો છાશ ફૂંકીને પીએ

(૨) નમે તે સૌને ગમે

(૩) નહિ મામા કરતાં કહેણો મામો સારો

(૪) પારકી આશ સદા નિરાશ

(૫) મોરનાં ઈંડાંને ચીંતરવાં ન પડે

(૬) લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોં ધોવા ન જવાય

(૭) ઊજળું એટલું દૂધ નહિ.

---